PROVISIONAL ANSWER KEY

NAME OF THE POST : Social Welfare officer, Class-II

Advt No. :36/2016-17
Date of Premilinary Test : 25-02-2017

Subject : General Studies ( 001 to 100 )

Date of Publication : 6-3-2017
Last date to send suggestion(s) : 14-03-2017

Note :
1.All suggestion are to be sent with reference to website published Question paper with provisional answer key only
2. All suggestions are to be sent in the given format only
3. Candidate must ensure above compliance

**001.** નદીઓના વિસર્પણને કારણે કેવા સરોવરો રચાય છે?

(A) લગૂન
(B) લંબગોળ
(C) ગોળ
(D) ઘોડાની નાળ જેવા

**002.** સૂર્યના પ્રથમ કિરણો ભારતના કયા રાજ્યમાં પડે છે?

(A) નાગાલેન્ડ
(B) સિક્કિમ
(C) મેઘાલય
(D) અરૂણાચલ પ્રદેશ

**003.** ભારતમાં ખનિજતેલની વાર્ષિક ઉત્પાદન ક્ષમતાના કેટલા ટકા ઉત્પાદન બોમ્બે હાઈ કરે છે?

(A) 55%
(B) 60%
(C) 63%
(D) 52%

**004.** ઓરિસ્સાના સુંદરગઢ અને મયૂરભંજ વિસ્તારોમાંથી અતિ ઉચ્ચ કક્ષાનું ક્યું ખનીજ મળે છે?

(A) કાચું લોખંડ
(B) મેંગેનીઝ
(C) બોકસાઈટ
(D) અબરખ

**005.** બ્રહ્મપુત્ર નદીને અરૂણાચલ પ્રદેશમાં કયા નામથી ઓળખવામાં આવે છે?

(A) લોહિત
(B) કેનુલા
(C) દિહાંગ
(D) ત્સાંગયો

**006.** દહેરાદૂન પાટલીદૂન હિમાલયની ગિરિમાળાઓ પૈકી કઈ ગિરિમાળામાં આવેલ છે?

(A) પહેલી
(B) બીજી
(C) ત્રીજી
(D) ચોથી

**007.** ડાંગર એ ક્યા પ્રકારનો પાક છે?

(A) ઉષ્ણકટિબંધીય રવિ પાક
(B) ઉષ્ણકટિબંધીય ખરીફ પાક
(C) સમશીતોષ્ણ કટીબંધીય ખરીફ પાક
(D) સમશીતોષ્ણ કટીબંધીય રવિ પાક

**008.** મેંગેનીઝની બાબતમાં નીચેના પૈકી ક્યા વિધાનો સાચા છે, તેના આધારે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. તેનો ઉપયોગ પોલાદ બનાવવામાં થાય છે.
2. રાસયણિક ઉદ્યોગો, જંતુનાશક દવાઓના ઉદ્યોગોમાં વપરાય છે.
3. ભારતમાં વિશ્વના કુલ જથ્થાના 20% જેટલો જથ્થો છે.
4. ગુજરાતમાં પંચમહાલ જિલ્લામાં 26 કિલોમીટર લાંબો પટ્ટો આ ધાતુ ધરાવે છે.

(A) 1 અને 2 (B) 2 અને 3
(C) 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

**009.** ભારતનું કયું રાજ્ય સૌપ્રથમ “ઓર્ગેનિક સ્ટેટ” બનેલ છે?

(A) કેરાલા (B) સિક્કિમ
(C) મણિપુર (D) મધ્યપ્રદેશ

**010.** ઊડતી ખિસકોલીઓ ક્યાં જોવા મળે છે?

(A) કચ્છના મોટા રણમાં (B) હિમાલયના ઊંચા પર્વતીય વિસ્તારોમાં
(C) દલદલના વિસ્તારોમાં (D) પશ્ચિમ ઘાટના ગીચ વનોમાં

**011.** અ ને બ ની યાદીને વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| અ | અ |
|---|---|
| (a) ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો | 1. સુંદરી |
| (b) ઉષ્ણ કટિબંધીય કાંટાળા જંગલો | 2. સ્પ્રુસ |
| (c) ભરતીના જંગલો | 3. ખીજડો |
| (d) શંકુદ્રૂમ જંગલો | 4. મેહોગની |

(A) a-3, b-4, c-1, d-2 (B) a-4, b-3, c-1, d-2
(C) a-4, b-3, c-2, d-1 (D) a-4, b-2, c-3, d-1

**012.** પક્ષી અભ્યારણ્યના સંદર્ભમાં કયું સાચું નથી?

(A) રંગનાથિટ્ટુ (રંગનાથિટ્ટુ) (B) નળ સરોવર
(C) રાજગીર (D) વેદાનથાંગલ

**013.** ગુજરાતની લોક રંગમંચની ‘ભવાઈ’ નો ઉદ્ભવ ........... માં થયો હતો?

(A) ચૌદમી સદી (B) તેરમી સદી
(C) પંદરમી સદી (D) બારમી સદી

**014.** પાટણના સિલ્કના પટોળા સાડીના વણાંટનો ઉદ્ભવ કયા શાસકોના સમયમાં થયેલ હતો?

(A) સોલંકી
(B) મૈત્રક
(C) ચાવડા
(D) ગુર્જર

**015.** સંગીતવિષયક વિધ્વતાપૂર્ણ અભ્યાસલેખોનું પુસ્તક 'સપ્તક' ના લેખકનું નામ શું છે?

(A) રસિકલાલ અંધારિયા
(B) હસુ યાજ્ઞિક
(C) મધુસૂદન ઢાંકી
(D) અમુભાઈ દોશી

**016.** તાંજોરના મંદિરમાં કયા પ્રકારના નૃત્યને પ્રોત્સાહન પૂરૂં પાડવામાં આવે છે અને તે નૃત્ય મંદિરમાં કરવામાં આવે છે?

(A) કથકલી
(B) ઓડિસી
(C) કથક
(D) ભરતનાટ્યમ્

**017.** સંયુક્ત રાષ્ટ્રોની શૈક્ષણિક - વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંસ્થા (UNESCO) દ્વારા વિશ્વ વારસા તરીકે સ્થળોની પસંદગી કરવામાં આવે છે. હાલ તેમાં સમાવેશ થયેલ ભારતના સ્થળો પૈકી સૌથી વધુ સ્થળો કયા રાજ્યના છે?

(A) તામિલનાડૂ
(B) ઉત્તરપ્રદેશ
(C) રાજસ્થાન
(D) મહારાષ્ટ્ર

**018.** ગાંધીજીની આત્મકથાનો અંગ્રેજીમાં અનુવાદ કોણે કર્યો હતો?

(A) મીરાબેન
(B) દિનબંધુ એન્ડ્રુજ
(C) જવાહરલાલ નહેરૂ
(D) મહાદેવભાઈ દેસાઈ

**019.** "ભગવદ્ ગો મંડળ" શબ્દકોશના સંપાદક કોણ હતા?

(A) રતિલાલ સો. નાયક
(B) ચંદુલાલ બહેચરદાસ પટેલ
(C) કે. કા. શાસ્ત્રી
(D) યોગેન્દ્ર વ્યાસ

**020.** નીચે પૈકી કયો વિકલ્પ સાચો નથી?

(A) રવિશંકર રાવળ - ચિત્રકાર
(B) અંજલિ મેઢ - ચિત્રકાર
(C) પિરાજી સાગરા - ચિત્રકાર
(D) સોમાલાલ શાહ - ચિત્રકાર

021. કયા રાજવીએ સૌરાષ્ટ્ર (કાઠિયાવાડ)ને ગુપ્ત સામ્રાજ્ય સાથે જોડ્યું હતું?
(A) ચન્દ્રગુપ્ત બીજો
(B) સમુદ્રગુપ્ત
(C) કુમારગુપ્ત
(D) સ્કંદગુપ્ત

022. જ્યારે દિલ્હીમાં રાજવી તરીકે હુમાયુ હતો, ત્યારે ગુજરાતમાં કોનું શાસન હતું?
(A) શેર શાહ
(B) બહાદુર શાહ
(C) શાહ હુસૈન
(D) રાણા વિક્રમ

023. સ્કંદગુપ્ત દ્વારા સૌરાષ્ટ્રના સૂબા તરીકે કોની નિમણૂંક કરવામાં આવી હતી?
(A) પુષ્પગુપ્ત
(B) તુરાષ્પા
(C) પર્ણદત્ત
(D) ઉપર પૈકી એક પણ નહીં.

024. પૂર્વ મધ્યકાળમાં વિદ્યાઅભ્યાસ માટેનું મહાન કેન્દ્ર કયું હતું?
(A) વિક્રમશીલા વિશ્વવિદ્યાલય
(B) નાલંદા વિશ્વવિદ્યાલય
(C) તક્ષશિલા વિશ્વવિદ્યાલય
(D) વલ્લભી

025. અલાઉદ્દીન ખીલીજીએ ગુજરાત પર આક્રમણ કર્યુ ત્યારે ગુજરાતની રાજધાની કઈ હતી?
(A) પાટણ
(B) અમદાવાદ
(C) સોમનાથ
(D) સૂરત

026. નીચે દર્શાવેલ રાજવીઓ પૈકી કયો રાજવી સંસ્કૃતનો આશ્રયદાતા અને શુદ્ધ સંસ્કૃત ભાષામાં પ્રારંભિક તબક્કામાં સૌરાષ્ટ્રમાં શિલાલેખો કોતરાવનાર હતો?
(A) યાસ્તન
(B) રૂદ્રદામન
(C) અશોક
(D) ચન્દ્રગુપ્ત મૌર્ય

027. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના કલકત્તા ખાતે મળેલ 33માં વાર્ષિક અધિવેશનમાં પ્રમુખ તરીકે પ્રથમ મહિલા નીચેના પૈકી કોણ હતા?
(A) રાજકુમારી અમૃત કૌર
(B) શ્રીમતી નલ્લીસેન ગુપ્તા
(C) સરોજીની નાયડૂ
(D) શ્રીમતી એની બેસન્ટ

028. ગુજરાતના સુલતાન અહમદશાહે અમદાવાદને રાજધાની તરીકે કયા વર્ષમાં સ્થાપિત કરી?

(A) ઈ. સ. 1411 (B) ઈ. સ. 1413

(C) ઈ. સ. 1423 (D) ઈ. સ. 1443

029. હૂણોના આક્રમણનો સૌથી પહેલો સામનો કોને કરવો પડેલ હતો?

(A) કુમારગુપ્ત પ્રથમ (B) સ્કંદગુપ્ત

(C) બુદ્ધગુપ્ત (D) પુરૂગુપ્ત

030. કલ્યાણીના ચાલુક્ય રાજા કોણ હતા કે જેઓએ શક સંવતની જગ્યાએ નવા સંવતની શરૂઆત કરી હતી?

(A) વિક્રમાદિત્ય પાંચમો (B) તૈલય પ્રથમ

(C) સોમેશ્વર બીજો (D) વિક્રમાદિત્ય છઠ્ઠો

031. જે પોતાને ‘‘નાયબ-એ ખુદાઈ’’ એટલે કે ઈશ્વરનો પ્રતિનિધિ કહેતો હતો તે સુલતાન નીચે પૈકી કોણ હતો?

(A) અલાઉદ્દીન ખીલજી (B) ઈલ્તતુમિશ

(C) બલ્બન (D) ગ્યાસુદ્દીન તુગલક

032. નીચે દર્શાવેલ પેશવાઓમાંથી ‘‘નાના સાહેબ’’ ના નામે કોણ પ્રસિધ્ધ હતું?

(A) બાજીરાવ પહેલો (B) બાજીરાવ બીજો

(C) નાના ફડનવીસ (D) બાલાજી બાજીરાવ

033. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સતત છ વર્ષ સુધી પ્રમુખ તરીકે રહેવાનો અવસર નીચેના પૈકી કોને પ્રાપ્ત થયેલ હતો?

(A) અબ્દુલ કલામ આઝાદ (B) વ્યોમેશચન્દ્ર બેનરજી

(C) દાદાભાઈ નવરોજી (D) સુરેન્દ્રનાથ બેનર્જી

034. મૂલ્ય આધારિત કર (Value Added Tax (VAT)) ની પધ્ધતિ સૌપ્રથમ કયા દેશમાં દાખલ કરવામાં આવી હતી?

(A) ઈટાલી (B) ફ્રાન્સ

(C) જર્મની (D) ભારત

035. વિકસતા દેશોમાં ઓછા વિકાસ માટે નીચે દર્શાવેલ વિકલ્પો પૈકી ક્યો વિકલ્પ મુખ્ય કારણ છે?

(A) મૂડીનો અભાવ
(B) સંસાધનોનો બિનઉપયોગ
(C) શિક્ષણનો નીચો દર
(D) ઉપર પૈકી એકપણ નહીં.

036. પ્રમાણમાં વિકસિત અને આર્થિક મંદી ધરાવતા રાજ્યો અને દરેક રાજ્યના વિભાગોના સહઅસ્તિત્વને ક્યા નામે ઓળખવામાં આવે છે?

(A) અસ્થિર અર્થતંત્ર
(B) પ્રાદેશિક પછાતપણું
(C) પ્રાદેશિક અસમતુલા
(D) ઉપર પૈકી એકપણ નહીં.

037. ભારતમાં ગરીબાઈથી પીડિત લોકોના ઉત્કર્ષ માટે ક્યા અર્થશાસ્ત્રીએ યોજનાઓની રૂપરેખાઓ આપી હતી?

(A) એડેન સ્મિથ્
(B) કેયન્સ
(C) પીગોન
(D) અમર્ત્ય સેન

038. પંચવર્ષીય યોજનાનું મૂલ્યાંકન ક્યારે થાય છે?

(A) પ્રત્યેક વર્ષે
(B) દર બે વર્ષે
(C) પંચવર્ષીય યોજનાના છેલ્લા વર્ષમાં
(D) પંચવર્ષીય યોજનાના મધ્યભાગમાં

039. ભારતમાં 'પર્ફોમન્સ બજેટ'' કોની ભલામણથી અપનાવવામાં આવેલ?

(A) એડમીનીસ્ટ્રેટીવ રીફોર્મર કમીશન
(B) ગોરવાલા રિપોર્ટ
(C) ગોપાલસ્વામી આયંગર રિપોર્ટ
(D) ઉપર પૈકી એકપણ નહીં.

040. ભારતનું કન્ટીઝન્સી ફંડ કોના હસ્તક હોય છે?

(A) આર.બી.આઇ. ના ગવર્નર
(B) નાણાં મંત્રાલયના સચિવ
(C) કેબીનેટ સચિવ
(D) લોકસભાના સ્પીકર

041. અર્થતંત્ર અને સરકારની પ્રવૃત્તિઓની સુધારણા સંબંધમાં કઈ કમિટી સંબંધિત છે?

(A) જાહેર સાહસોની સમિતિ
(B) જાહેર હિસાબ સમિતિ
(C) અંદાજ સમિતિ
(D) સંરક્ષણ બાબતોની સમિતિ

042. નીચે દર્શાવેલ પંચવર્ષીય યોજનાના સંદર્ભમાં કયો વિકલ્પ સાચો નથી?

(A) દ્વિતીય પંચવર્ષીય યોજના 1956-1961

(B) ચોથી પંચવર્ષીય યોજના-1969-1974

(C) આઠમી પંચવર્ષીય યોજના 1990-1995

(D) અગીયારમી પંચવર્ષીય યોજના 2007-2012

043. નીચે દર્શાવેલ પંચવર્ષીય યોજનાઓ પૈકી કઈ પંચવર્ષીય યોજનામાં સૌ પ્રથમ વખત રાજ્યોના પરામર્શમાં દરેક રાજ્ય દીઠ વિકાસ અને બીજા નિયંત્રીત લક્ષ્યાંકો નક્કી કરવામાં આવેલ હતા.

(A) આઠમી (B) સાતમી

(C) નવમી (D) દસમી

044. નીચે દર્શાવેલ પંચવર્ષીય યોજનાઓ પૈકી કઈ પંચવર્ષીય યોજનામાં રોજગારીની તકોમાં વધારો તથા સ્વાવલંબન અને સામાજિક ન્યાય વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો?

(A) પ્રથમ (B) ત્રીજી

(C) સાતમી (D) પાંચમી

045. ભારતમાં પંચવર્ષીય યોજનાની વિભાવના લાવનાર કોણ હતું?

(A) જવાહરલાલ નેહરૂ (B) લાલબહાદુર શાસ્ત્રી

(C) આર. કે. ષણમુગમ શેટ્ટી (D) ડૉ. જોથ મથાઈ

046. ............ નો મૂળભૂત હક્ક .......... ના બંધારણીય સુધારાથી રદ કરવામાં આવેલ છે.

(A) યુનિયન બનાવવાનો, 44 (B) શોષણ વિરુદ્ધનો હક, 43

(C) મિલકત, 44 (D) ખાનગી મિલકત, 42

047. મૂળભૂત હક્કોની બાબતમાં નીચેના વિધાનો પૈકી ક્યા વિધાનો સાચા છે.

1. મૂળભૂત હક્કોમાં સશસ્ત્ર દળોના સભ્યો માટે રાષ્ટ્રપતિશ્રી નિયંત્રણ મૂકી શકે છે.
2. મૂળભૂત હક્કોમાં સુધારા કરી શકાતા નથી.
3. રાષ્ટ્રપતિશ્રી કટોકટીની ઘોષણા કરે ત્યારે મૂળભૂત હક્કો નિયંત્રીત કરતો હુકમ કરવામાં આવે છે.
4. ટેલિકોમ્યુનિકેશન પધ્ધતિઓમાં કામે રાખેલી વ્યક્તિઓ બાબતમાં સંસદ મૂળભૂત હક્કો નિયંત્રીત કરી શકે છે કે ઘટાડી શકે છે.

(A) 1 અને 4 સાચા (B) 2, 3 અને 4 સાચા

(C) 1, 2 અને 3 સાચા (D) 1 થી 4 સાચા

048. ભારતના સંવિધાનમાં અનુચ્છેદ-18 માં "ખિતાબોની નાબૂદી' ની કરવામાં આવેલ જોગવાઈ સંદર્ભમાં કયું વિધાન સાચું નથી?

(A) રાજ્ય દ્વારા લશ્કરી અથવા શૈક્ષણિક વિશિષ્ટમાનનો ખિતાબ આપી શકાશે.

(B) ભારતના કોઈ નાગરિકથી કોઈ વિદેશી રાજ્ય પાસેથી કોઈ ખિતાબ સ્વીકારી શકાશે નહીં.

(C) ભારતનો નાગરિક ન હોય તેવી વ્યક્તિ રાજ્ય હેઠળનો કોઈ લાભદાયક હોદ્દો ધરાવતી હોય તે દરમિયાન કોઈ વિદેશી રાજ્ય પાસેથી ખિતાબ સ્વીકારી શકશે.

(D) (C) માં દર્શાવેલ બાબતમાં રાષ્ટ્રપતિની સંમતિથી વિદેશી રાજ્ય પાસેથી ખિતાબ સ્વીકારી શકશે.

049. વાણી અને અભિવ્યક્તિના સ્વાતંત્ર્યના હકકમાં નીચે દર્શાવેલ ક્યા કારણસર સંવિધાનની જોગવાઈ અનુસાર નિયંત્રણ મૂકી શકાય છે?

1. વિદેશી રાજ્યો સાથેના મૈત્રીસંબંધ
2. જાહેર વ્યવસ્થા
3. બદનક્ષી
4. અનુસૂચિત આદિજાતિનાં હિતોનું રક્ષણ

(A) 1, 2 અને 4 (B) 2 અને 3

(C) 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

050. શોષણ સામેનો હક્ક બાળકો માટે શું નિયંત્રીત કરે છે?

(A) ચૌદ વર્ષથી નીચેની ઊંમરના બાળકને કોઈ કારખાનામાં કે ખાણમાં કામે રાખી શકાશે નહીં કે બીજા કોઈ જોખમવાળા કામમાં રોકી શકાશે નહીં.

(B) ચૌદ વર્ષથી નીચેનું બાળક પોતાના ખેતરમાં કામ કરી શકશે નહીં.

(C) ચૌદ વર્ષથી નીચેનું બાળક પોતાના કુટુંબના ધંધામાં કામ કરી શકશે નહીં.

(D) ઉપરના તમામ

051. ધર્મ સ્વાતંત્ર્ય હક્કના સંબંધમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને ક્યા વિધાનો ખોટા છે?

(1) એક સગીર વ્યક્તિને તેના વાલીની સંમતિ સિવાય ધાર્મિક શિક્ષણમાં ભાગ લેવાની ફરજ પાડવામાં આવે છે.

(2) રાજ્યના નાણાંમાંથી પૂરેપૂરી નિભાવતી શિક્ષણ સંસ્થામાં ધાર્મિક શિક્ષણ આપવામાં આવતું નથી

(3) રાજ્ય જેનો વહીવટ કરે છે તેવી ધાર્મિક શિક્ષણ આપવાનું ફરજિયાત બનાવતી કોઈ દેણગી કે ટ્રસ્ટ હેઠળ સ્થપાયેલ શિક્ષણ સંસ્થામાં ધાર્મિક શિક્ષણ આપવામાં આવે છે.

(A) 2 અને 3 (B) 1 અને 3

(C) માત્ર - 1 (D) 1 થી 3

052. રાજ્યમાં રાજ્યપાલના અવસાન કે રાજીનામાથી રાજ્યપાલની ખાલી જગ્યા પડે તો રાજ્યપાલની ફરજો કોણ બજાવે છે?

(A) સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ

(B) સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ પછીના બીજા ક્રમના ન્યાયમૂર્તિ

(C) રાષ્ટ્રપતિની તાત્કાલિક રાજ્યપાલ તરીકે નિમણૂક થાય છે.

(D) વડી અદાલતના મૂખ્ય ન્યાયમૂર્તિ

053. રાષ્ટ્રપતિને બંધારણ હેઠળ મળેલ કારોબારી સત્તાઓનો ઉપયોગ તેઓ કોની સલાહથી કરે છે?

(A) સંસદની

(B) વડાપ્રધાનની

(C) મંત્રીમંડળની

(D) ઉપર પૈકી એકપણની નહીં

054. કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલની ફરજોમાં નીચે પૈકી શાનો સમાવેશ થતો નથી?

(A) ભારતના સંઘ તથા રાજ્યોના એકત્રિત ફંડમાંથી થયેલ ખર્ચનું ઓડિટ કરવું.

(B) સંઘના ખર્ચના હિસાબોની મેળવણી કરવી.

(C) ભારતના સંઘ તથા રાજ્યના આકસ્મિક ફંડમાંથી થયેલ ખર્ચનું ઓડિટ કરવું.

(D) રિસર્ચ એનાલીસીસ વીંગ, ઈન્ટેલીજન્સ બ્યૂરો આપોઆપ તેમની ફરજોમાં સમાવિષ્ટ નથી. સરકારની પરવાનગી બાદ ઓડિટ થઈ શકે છે.

055. મુખ્ય ચુંટણી કમિશ્નરની બાબતમાં નીચેના વિધાનો વાંચીને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) મુખ્ય ચૂંટણી કમિશ્નર અને ચૂંટણી કમિશ્નરની નિમણૂંક રાષ્ટ્રપતિ કરશે.

(2) સંવિધાનમાં નિમણૂંક માટે લાયકાતો ઠરાવેલ છે.

(3) સંવિધાનમાં તેઓના હોદાની ચોક્કસ મુદત નિયત થયેલ છે.

(4) તેઓની સેવાની શરતોમાં, તેની નિમણૂંક પછી કોઈ ગેરલાભ થાય તેવો ફેરફાર કરી શકાશે નહીં.

(A) માત્ર - 4 સાચું છે

(B) માત્ર - 1 સાચું છે

(C) 1 અને 4 સાચા છે

(D) 1, 2, 3 અને 4 સાચા છે

056. રાજ્ય જાહેર સેવા આયોગનો વાર્ષિક અહેવાલ બાબતની સંવિધાનીક જોગવાઈ અનુસાર-

(1) રાજ્યના રાજ્યપાલ સમક્ષ રજૂ કરવાનો રહેશે

(2) રાજ્ય સરકાર તેનો પૂર્ણતઃ સ્વીકાર કરશે

(3) આયોગની સલાહ સ્વીકારાઈ ન હોય તે બાબતની સરકાર અવગણના કરશે.

(4) રાજ્યપાલની આયોગની સલાહ ન સ્વીકારાઈ હોય તેના કારણો સમજાવતી યાદી સહિત, અહેવાલ વિધાનમંડળ સમક્ષ મૂકાવશે.

(A) 1 અને 2 સાચા (B) 2 અને 3 સાચા

(C) 1 અને 4 સાચા (D) તમામ સાચા

057. કેન્દ્રિય સતર્કતા આયોગની બાબતમાં ક્યું વિધાન સાચું નથી?

(A) તેની રચના વર્ષ 1964 માં થયેલ છે

(B) કેન્દ્રિય સતર્કતા આયોગ બાબતમાં બંધારણમાં જ જોગવાઈ છે.

(C) કેન્દ્રિય સતર્કતા આયોગના અધ્યક્ષની નિમણૂંક ભારતના રાષ્ટ્રપતિ કરે છે.

(D) ભારત સરકારે ભ્રષ્ટાચાર બાબતની લેખિત ફરિયાદ સ્વીકારવા માટે ''ડેઝીગ્નેટેડ એજન્સી'' તરીકે અધિકૃત જાહેર કરેલ છે.

058. ? + 4699 + 1885 – 1047 = 21111

(A) 15574 (B) 15674

(C) 15754 (D) 15764

059. જો $4200 \times a = 3150$ તો $a = ?$

(A) $3/5$ (B) $3/4$

(C) $1/4$ (D) $\frac{2}{5}$

060. $0.0238 \div 17 = ?$

(A) 14 (B) .014

(C) .0014 (D) .00014

061. $875 \times 207 - 875 \times 107 = ?$

(A) 87,200 (B) 87,500

(C) 87,550 (D) 87,350

**062.** નીચેનાને ચડતા ક્રમમાં ગોઠવો

$\frac{3}{5}, \frac{6}{7}, \frac{7}{9}, \frac{9}{11}$

(A) $\frac{3}{5}, \frac{6}{7}, \frac{7}{9}, \frac{9}{11}$

(B) $\frac{6}{7}, \frac{7}{9}, \frac{3}{5}, \frac{9}{11}$

(C) $\frac{9}{11}, \frac{7}{9}, \frac{6}{7}, \frac{3}{5}$

(D) $\frac{3}{5}, \frac{7}{9}, \frac{9}{11}, \frac{6}{7}$

**063.** $(-6)\ (6)\ (2) \left(-\frac{1}{2}\right)\left(\frac{3}{4}\right) = ?$

(A) 10

(B) 27

(C) 32

(D) 42

**064.** MAGAZINE

(1) MAӘAƧIИƎ

(2) ƎИIZAӘAM

(3) MAӘAZIИƎ

(4) ƎИIƧAӘAM

(A) આપેલ શબ્દનું દર્પણમાં પ્રતિબિંબ (1) જેવું દેખાય

(B) આપેલ શબ્દનું દર્પણમાં પ્રતિબિંબ (2) જેવું દેખાય

(C) આપેલ શબ્દનું દર્પણમાં પ્રતિબિંબ (3) જેવું દેખાય

(D) આપેલ શબ્દનું દર્પણમાં પ્રતિબિંબ (4) જેવું દેખાય

**065.** ડાબી બાજુ આપેલ જોડના તર્કનો આધાર લઈ જમણી બાજુની જોડ પૂરી કરો.

PNLJ : IGEC : : VTRP : ................

(A) OMKI

(B) RSTU

(C) QSRC

(D) RPOM

**066.** જો કોઈ કૂટ ભાષામાં HONESTY ને 5132468 લખવામાં આવે છે અને POVERTY ને 7192068 લખવામાં આવે છે, તો એ જ ભાષામાં HORSE ને ક્યા રૂપમાં લખવામાં આવે?

(A) 51024

(B) 51042

(C) 50124

(D) 52014

**067.** જો 30 સંખ્યાઓની સરેરાશ 30 છે. તેમાંથી 35 અને 40 એવા બે નંબરો દૂર કરવામાં આવે તો બાકી રહેલી સંખ્યાઓની લગભગ સરેરાશ કેટલી થાય?

(A) 29.32 (B) 29.27

(C) 28.46 (D) 29.46

**068.** એક પરીક્ષામાં 135 ઉમેદવારો ઉપસ્થિત રહેલ હતા, તે પૈકી 126 ઉમેદવારોએ પરીક્ષા પાસ કરેલ છે, તો પાસ થયેલા ઉમેદવારોની ટકાવારી કેટલી થાય?

(A) $93\frac{1}{5}\%$ (B) $93\frac{1}{3}\%$

(C) $92\frac{1}{3}\%$ (D) $83\frac{1}{2}\%$

**069.** રૂપિયા 60,000 $16\frac{2}{3}\%$ ના દરે 9 (Nine) મહિનાનું વ્યાજ કેટલું થાય?

(A) રૂ. 7,500 (B) રૂ. 7,300

(C) રૂ. 7,515 (D) રૂ. 7,550

**070.** ઘણા ખરા ગ્રહોનું ધરીભ્રમણ પશ્ચિમથી પૂર્વ દિશાનું છે, ક્યો ગ્રહ પોતાની ધરી પર રિવર્સ દિશામાં ફરે છે?

(A) ગુરૂ (B) શુક્ર

(C) શનિ (D) પ્લુટો

**071.** આંતરરાષ્ટ્રીય માપ મુજબ કોમ્પેક્ટ ડીશના કદ માપ નક્કી થયેલા છે. આના સંદર્ભમાં ક્યો વિકલ્પ સાચો નથી?

(A) ડિસ્ક 12 સેન્ટિમીટર વ્યાસની, 1.2 મીલીમીટર જાડી અને 16 ગ્રામની હોવી જોઇએ

(B) ડિસ્કનો દરેક ગોબો 100 નેનોમીટર ઊંડો હોવો જોઇએ

(C) ડિસ્કનો દરેક ગોબો 500 નેનોમીટર પહોળો હોવો જોઇએ

(D) બે ટ્રેક વચ્ચે 1.8 માઇક્રોમીટરનું અંતર હોવું જોઇએ

**072.** ભારતમાં મોબાઈલ ફોનનું આગમન ક્યારે થયું અને તેના વડે પહેલો કોલ જોડનાર વ્યક્તિ કોણ?

(A) વર્ષ 1995, જ્યોતિ બાસુ (B) વર્ષ 1994, ભુપેન્દ્રકુમાર મોદી

(C) વર્ષ 1993, સુખરામ (D) વર્ષ 1996, જ્યોતિ બાસુ

073. ભારતમાં થતો એકમાત્ર વાનર ગિબન છે. ગિબનની એક શારીરિક વિશિષ્ટતા છે, જે બીજા એકેય વાનરમાં જોવા મળતી નથી તે કઈ?

(A) તેની પૂંછડી બીજા વાનરની સરખમણીમાં ખૂબ લાંબી હોય છે

(B) તેના દાંત ખૂબ જ લાંબા હોય છે.

(C) તેના શરીર પર ખૂબ જ ગુચ્છાદાર વાળ હોય છે.

(D) તેના હાથ તેના પગ કરતાં લાંબા હોય છે.

074. નીચે પૈકી કઈ મોબાઈલ ઓપરેટીંગ સીસ્ટમ નથી?

(A) એન્ડ્રોઈડ
(B) સિમ્બીયન
(C) માઈક્રોસોફ્ટ
(D) GSL (BADA)

075. 1 કિલોબાઈટમાં બિટની સંખ્યા કેટલી હોય છે?

(A) 1000
(B) 8192
(C) 8000
(D) 1024

076. આપણી સૂર્યમાળાનો ક્યો ગ્રહ વધુ ચન્દ્રો ધરાવે છે?

(A) યુરેનસ
(B) શનિ
(C) ગુરૂ
(D) પ્લુટો

077. નીચે દર્શાવેલ ફળો પૈકી ક્યું ફળ ઝાડ પર તોડ્યા બાદ પાકતું નથી?

(A) સફરજન
(B) ચેરી
(C) પપૈયાં
(D) જમરૂખ

078. કાર્ટોસેટ - 2 (cartosat - 2) સિરીઝ સેટેલાઈટ મીશન તરીકે નીચેનામાંથી કોણ ઓળખાય છે?

(A) પીએસએલવી - સી 34
(B) પીએસએલવી - સી 30
(C) એરિયન - 5 વીએ - 227
(D) એરિયન - 5 (Ariane)

079. અણુબોંબમાં ઉપયોગમાં લેવાતા યુરેનિયમના રેડિયોએકટીવ આઈસોટોપને ક્યા નામથી ઓળખવામાં આવે છે?

(A) 92 U 235
(B) 92 U 233
(C) 92 U 238
(D) 92 U 234

**080.** હીરાની પરખ/ગણતરી કૅરેટ આધારિત થાય છે, તો એક કૅરેટ એટલે કેટલું વજન નિયત થયેલ છે?

(A) 0.1 ગ્રામ
(B) 0.2 ગ્રામ
(C) 0.3 ગ્રામ
(D) 0.4 ગ્રામ

**081.** વિનેગારનું રાસાયણિક નામ શું છે?

(A) સોડિયમ નાઈટ્રેટ
(B) ક્લોરાઇડ ઓફ લાઈમ
(C) ડાઈલ્યુટ એસિટિક એસિડ
(D) ઉપરના બધા જ

**082.** વર્ષ 2016 ની રેમન મેગ્સેસે એવોર્ડ નીચે પૈકી ક્યા ભારતીયને મળેલ છે?

(A) ટી. એમ. ક્રિશ્ના અને બેઝવાડા વિલ્સન
(B) ટી. એમ ક્રિશ્ના
(C) બેઝવાડા વિલ્સન
(D) ડોમ્પેટ ધુઅફ્રા

**083.** અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે 'ઓબામા કેર' યોજના બંધ કરી દિધેલ છે, તે કોને સંબંધિત હતી?

(A) શિક્ષણ સંબંધિત
(B) આરોગ્ય સંબંધિત
(C) પેન્શન સંબંધિત
(D) જેમની પાસે વીમો ના હોય તેવા લોકોના લાભ માટે

**084.** યુપીઆઇ અંગે નીચેના વિધાનો વિચારણાંમાં લઈને ક્યા વિધાનો સાચા છે તેનો વિકલ્પ પસંદ કરો.

(1) તેનું પૂરૂં નામ યુનાઈટેડ પેમેન્ટ ઈન્ટરફેસ છે
(2) રિઝર્વ બેન્કની નવી એપ્લીકેશન છે
(3) જેમાં અનેક બેન્ક ખાતાઓને એકજ આઇડી સાથે જોડી શકાય છે.
(4) આ એપ બધા જ પ્રકારના મોબાઇલમાં ચાલે છે.

(A) 1 અને 3 સાચા છે
(B) 1, 2, 3 સાચા છે.
(C) 2 અને 3 સાચા છે.
(D) 1, 2, 3 અને 4 સાચા છે.

**085.** રિયો ઓલંમ્પિક, 2016 માં તુવાલુએ કેટલા ખેલાડીઓને ભાગ લેવા માટે મોકલેલ હતા?

(A) 3 (B) 5

(C) 1 (D) 2

**086.** 74 મા ગોલ્ડન ગ્લોબ એવોર્ડઝમાં નીચે દર્શાવેલ કઇ ફિલ્મને સાત એવોર્ડઝ મળેલા છે?

(A) એલે (ELLE) (B) લા લા લેન્ડ

(C) ઝુટોપિયા (D) મૂનલાઇટ

**087.** યુરોપિયન યુનિયનમાંથી બ્રિટન બહાર નીકળી ગયું, જેને બ્રેકિઝટ નામ અપાયેલ છે. યુરોપિયન યુનિયનમાં કેટલા દેશો સામેલ હતા?

(A) 30 (B) 22

(C) 28 (D) 26

**088.** ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ નવી લિક્વીફાઇડ ગેસ-પ્રવાહી પ્રાકૃતિક ગેસ ટર્મિનલ પોલિસીના સંદર્ભમાં નીચેના વિધાનો પૈકી ક્યુ વિધાન સાચું નથી?

(1) ગુજરાત સરકાર દ્વારા સ્થાપવામાં આવનારી નવી સરકારી કંપની, કુલ રિ-ગેસીફીકેશન કેપેસીટીના 15 ટકા અનામત રાખવાનો હક્ક ધરાવશે.

(2) રાજ્ય સરકાર તેની નિર્દિષ્ટ કરેલી એજન્સી મારફત 11 થી 25 ટકા સુધીની કક્ષામાં ઈક્વીટી સહભાગીતાનો હક્ક ધરાવશે.

(3) દસકાના અંત સુધીમાં ગુજરાત 50 એમટીપીએ પ્રવાહી પ્રાકૃતિક ગેસના સંપાદન અને રિ-ગેસીફેકેશનની ક્ષમતા ધરાવતું રાજ્ય બનશે

(A) વિધાન - 1 સાચું નથી (B) વિધાન - 2 સાચું નથી

(C) વિધાન - 2 અને 3 સાચા નથી (D) વિધાન - 3 સાચું નથી

**089.** કેન્દ્ર સરકારે તાજેતરમાં સોલર સીટીઝ પ્રોગ્રામ્સ માટે રૂ. 30 કરોડ મંજૂર કરેલ છે, તેમાં કેટલા રાજ્યોનો સમાવેશ થયેલ છે?

(A) 21 (B) 26

(C) 27 (D) 29

**090.** રિયો ઓલમ્પિક, 2016 માં ભારતે ........... મેડલ મેળવીને .......... નંબર પર સ્થાન પ્રાપ્ત કર્યુ હતું?

(A) 2, 60
(B) 2, 65
(C) 3, 68
(D) 2, 67

**091.** ખેલ મહાકુંભ, 2016માં કુલ ........... રમતોનો સમાવેશ કરવામાં આવેલ હતો?

(A) 30
(B) 28
(C) 24
(D) 26

**092.** ખેલ મહાકુંભ, 2016 અંતર્ગત રાજ્યમાં પ્રથમ ત્રણ આવનાર શાખાઓને અનુક્રમે ઈનામ પેટે શું આપવાનું ધોરણ નક્કી કરવામાં આવેલ હતું?

(A) રૂ. 4 લાખ, રૂ. 2.50 લાખ, રૂ. 1.50 લાખ
(B) રૂ. 5 લાખ, રૂપિયા 3 લાખ રૂપિયા 2 લાખ
(C) રૂ. 3 લાખ, રૂપિયા 2 લાખ, રૂપિયા 1 લાખ
(D) રૂપિયા 1.5 લાખ, રૂપિયા 1 લાખ, રૂપિયા 75 હજાર

**093.** મુખ્યમંત્રી અમૃતમ અને મા વાત્સલ્ય યોજના -

1. આ યોજના અંતર્ગત વાર્ષિક 1.20 લાખથી ઓછી આવક ધરાવતા પરિવારોની મહિલાઓ અને 21 વર્ષથી ઓછી ઉમરના બાળકો માટે છે.
2. આ યોજના હેઠળ હૃદય, મગજ, કિડનીને લગતી ઘનિષ્ટ, સારવાર, બર્ન્સ, કેન્સર, ગંભીર ઈજાઓને લાગુ પડે છે.
3. આ યોજનાનો લાભ કરારબધ્ધ થયેલ હોસ્પિટલમાં મળવાપાત્ર છે.
4. કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ નોંધાયેલ પરિવારોને પણ આ યોજના હેઠળ લાભ મળવા પાત્ર છે.

(A) વિધાન 1 અને 2 અને 4 સાચા છે.
(B) વિધાન 2, 3 અને 4 સાચા છે.
(C) વિધાન 1, 3 અને 4 સાચા છે.
(D) વિધાન 1, 2 અને 3 સાચા છે.

**094.** ડિઝીટલ ઈન્ડિયા મોનીટરીંગ કમિટીના અધ્યક્ષ કોણ છે?

(A) સંદેશા વ્યવહાર મંત્રી
(B) માહિતી અને પ્રસારણ મંત્રાલયના મંત્રી
(C) વડાપ્રધાન
(D) સચિવ, ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈનફર્મેશન ટેક્નોલોજી વિભાગ

**095.** મહિલાઓ માટેની સીંગલ્સ ટેનિસની "ફ્રેન્ચ ઓપન 2016"માં નીચે પૈકી કોણ વિજેતા બનેલ છે?

(A) ગાર્લિન મુગુરૂઝા

(B) સેરેના વિલયમ્સ

(C) કેરોલિન ગ્રેસિયા

(D) ક્રિશ્ચિટીના મ્લાડોનોવિક (Kristina Mladenoric)

**096.** વર્ષ 2016નું "ધી હેપવર્થ પ્રાઇઝ ફોર સ્કલ્પચર" નીચેનામાંથી કોને મળેલ છે?

(A) ફિલીડા બાર્લો

(B) સ્ટીવન ક્લેડન

(C) હેલન મોર્ટન

(D) ડેવીડ મેડલ્લા

**097.** ટેનિસ માટે રમવામાં આવતી ધી ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટની બાબતમાં નીચે પૈકી ક્યો વિકલ્પ સાચો નથી?

(A) ઓસ્ટ્રેલિયન ઓપન ટુર્નામેન્ટ-જાન્યુઆરી

(B) ફ્રેન્ચ ઓપન ટુર્નામેન્ટ-મે અને જૂન

(C) વિમ્બલ્ડન ઓપન ટુર્નામેન્ટ - જૂન અને જુલાઈ

(D) યુ. એસ. ઓપન ટુર્નામેન્ટ - સપ્ટેમ્બર અને ઓક્ટોબર

**098.** રિયો પેરા ઓલમ્પિકમાં ભારતને કુલ કેટલા ચંદ્રકો મળેલ છે?

(A) 10

(B) 6

(C) 4

(D) 12

**099.** વર્ષ 2016માં સૌથી વધુ ઉષ્ણતામાન 54° સેન્ટિગ્રેડ કઈ જગ્યાએ નોંધાયેલ હતું?

(A) મિત્રીબાર, કુવૈત

(B) થરપારકર રણ

(C) ડેથ વેલી, કેલીફોર્નિયા

(D) સહરાનું રણ

**100.** રીયોડી જાનેરો ખાતે વર્ષ 2016 માં રચાયેલ પેરાલિમ્પકમાં ઊંચી કૂદમાં સૂવર્ણ ચન્દ્રક મેળવનાર સૌપ્રથમ પેરાલ્મિપીયન ખેલાડી કોણ છે?

(A) દિપા મલિક

(B) દેવેન્દ્ર ઝાઝરિયા

(C) મેરલીપ્પન પાંગાવેલ

(D) જોગીન્દરસીંગ બેદી